સાંદિપની શાળા વિકાસ સંકુલ — મહેસાણા
શ્રી એસ.વી.શાહ વિદ્યાવિહાર, મહેસાણા

# પ્રથમ પરીક્ષા - 2025

**સમય : 2 કલાક** **ધોરણ 11 : અર્થશાસ્ત્ર** **કુલ ગુણ : 50**

## વિભાગ – A

❖ **પ્રશ્નક્રમ 1 થી 10 આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** [10]

(1) 'Principles of Economics' નામનું પુસ્તક કોણે લખ્યું છે ?
(A) એડમ સ્મિથ (B) માર્શલ (C) રોબિન્સ (D) સેમ્યુઅલસન

(2) અર્થશાસ્ત્રના અભ્યાસ અને વિશ્લેષણના ક્ષેત્રની રીતે કેટલા ભાગ પડે છે ?
(A) ચાર (B) ત્રણ (C) બે (D) પાંચ

(3) વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવાતા નાણાકીય એકમનું પ્રમાણ એટલે...
(A) મૂલ્ય (B) વિનિમય (C) કિંમત (D) સંપત્તિ

(4) 'તમામ કુદરતી સંપત્તિ' એટલે શું ?
(A) મૂડી (B) શ્રમ (C) જમીન (D) સંપત્તિ

(5) માંગરેખાનો ઢાળ કેવો હોય છે ?
(A) ઋણઢાળ (B) ધનઢાળ (C) X ધરીને સમાંતર (D) Y ધરીને સમાંતર

(6) વસ્તુની કિંમત અને માંગ વચ્ચે કેવો સંબંધ છે ?
(A) સીધો (B) વિરોધી (C) સમાન (D) શૂન્ય

(7) પુરવઠાને અસર કરતાં પરિબળો કેટલાં છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

(8) સમતુલાની કિંમતે માંગ અને પુરવઠો કેવાં હોય છે ?
(A) અસમાન (B) સરખા (C) માંગ વધારે (D) પુરવઠો વધારે

(9) સરેરાશ ખર્ચની રેખાનો આકાર કેવો હોય છે ?
(A) હૉકીસ્ટીક (B) U (C) V (D) ચોરસ

(10) વાસ્તવિક ખર્ચ .......... ખર્ચ છે.
(A) બિનસલામત (B) નાણાકીય (C) બિનનાણાકીય (D) માનસિક

## વિભાગ – B

❖ **પ્રશ્નક્રમ 11 થી 15 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** [5]

(11) સંસ્કૃત શબ્દ 'અર્થ'નો ઉદ્દેશ્ય શું છે ?
(12) હેબલરના મતે વ્યાપારચક્રની વ્યાખ્યા આપો.
(13) ગિફન વસ્તુ એટલે શું ?
(14) પુરવઠાની વ્યાખ્યા આપો.
(15) વૈકલ્પિક ખર્ચ એટલે શું ?

Master Classes Chirag Prajapati 9824149446

## વિભાગ – C

❖ **પ્રશ્નક્રમ 16 થી 23 સુધીના 8 પ્રશ્નોમાંથી કોઈ પણ 5 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકના 2 ગુણ)** [10]

(16) 'ચોરી આર્થિક પ્રવૃત્તિ નથી.' સમજાવો.

(17) પ્રો. માર્શલની અર્થશાસ્ત્રની વ્યાખ્યા સમજાવો.

(18) વસ્તુઓ અને સેવાઓનો અર્થ ઉદાહરણ સાથે સમજાવો.

(19) ઉત્પાદનના સાધનના સંદર્ભમાં શ્રમનાં લક્ષણો જણાવો.

(20) અવેજી અસર એટલે શું ?

(21) બજારમાંગ એટલે શું ?

(22) વ્યક્તિગત પુરવઠો અને બજાર પુરવઠાનો અર્થ સમજાવો.

(23) સમયનો ટૂંકો ગાળો એટલે શું ?

## વિભાગ – D

❖ **પ્રશ્નક્રમ 24 થી 31 સુધીના 8 પ્રશ્નોમાંથી કોઈ પણ 5 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (પ્રત્યેકના 3 ગુણ)** [15]

(24) 'અર્થશાસ્ત્ર' અંગેના ભારતીય ચિંતનની માહિતી આપો.

(25) અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્ત્વ સમજાવો.

(26) ઉત્પાદનના સાધનોનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.


(27) કિંમત અને મૂલ્યનો અર્થ આપો.

(28) માંગ વિધેયની સમજૂતી આપો.

(29) માંગના નિયમની ધારણાઓ સમજાવો.

(30) પુરવઠાના નિયમના અપવાદો સમજાવો.

(31) નીચે આપેલી આકૃતિને આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ આપો. (કેસસ્ટડી આધારિત પ્રશ્નો)




(a) SS રેખા શું દર્શાવે છે ?

(b) કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ છે ?

(c) સફરજનની કિંમત 70 હોય ત્યારે સફરજનનો પુરવઠો કેટલા કિગ્રા હોય છે ?

Master Classes Chirag Prajapati 98241 49446

## વિભાગ – E


❖ **પ્રશ્નક્રમ 32 થી 34 સુધીના 3 પ્રશ્નોમાંથી કોઈ પણ 2 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

**(પ્રત્યેકના 5 ગુણ)** [10]

(32) માંગનો નિયમ જણાવી, આકૃતિસહિત માંગનો નિયમ સમજાવો.

(33) પુરવઠાને અસર કરતાં પરિબળોની વિગતે ચર્ચા કરો.

(34) નીચે આપેલી આકૃતિને આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. (કેસસ્ટડી આધારિત પ્રશ્નો)




**5.7 સીમાંત ખર્ચની આકૃતિ**

(a) સીમાંત ખર્ચ એટલે શું ?

(b) સીમાંત ખર્ચની રેખા કેવા આકારની હોય છે ?

(c) સીમાંત ખર્ચની રેખામાં abc બિંદુસુધી કયો ઢાળ દર્શાવાયો છે ?

(d) સીમાંત ખર્ચની રેખામાં d બિંદુ પછી કઈ પેદાશનો નિયમ લાગુ પડે છે ?

(e) સીમાંત ખર્ચનું સૂત્ર લખો.

---

Master Classes Chirag Prajapati 9824149446